Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

92

# પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલી મહિલાઓના આર્થિક અભ્યાસ

## વિપીનભાઈ તડવી

રીસર્ચ સ્કોલર, સમાજકાર્ય, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ શહેર

**સારાંશ**

છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતમાં મહિલાઓની સ્થિતીમાં મોટા ફેરફારો આવ્યા છે. પ્રાચીન સમયમાં પુરૂષોને સમકક્ષથી લઈને મધ્યકાલીન યુગમાં નીચેના દરજ્જા સુધીનો ફેરફાર આવ્યા છે. અનેક સુધારાવાદીઓ દ્વારા સમાન હક્કને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, ભારતમાં મહિલાઓની સ્થિતિનો ઇતિહાસ ઘણાં મહત્વપૂર્ણ બનાવોથી ભરેલો છે. આધુનિક ભારતમાં, મહિલાઓએ ભારતમાં ઉચ્ચપદોને શોભાવ્યા છે, જેમાં રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, લોકસભાના અધ્યક્ષ, વિરોધ પક્ષના અધ્યક્ષ વગેરે સામેલ છે. ભારતમાં મહિલાઓ હાલ તમામ પ્રકારની પ્રવૃત્તિઓમાં સામેલ થાય છે, જેમ કે, શિક્ષણ, રમત-ગમત, રાજકારણ, માધ્યમો, કલા અને સંસ્કૃત્તિ, સેવા ક્ષેત્ર, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વગેરે. ઈન્દિરા ગાંધી, તેમણે ભારતના વડાપ્રધાન તરીકે કુલ 15 વર્ષના ગાળા માટે સેવા આપી, તેઓ વિશ્વમાં સૌથી લાંબો સમય સુધી વડાપ્રધાન તરીકે સેવા આપનારા મહિલા છે. ત્યારે ગુજરાતના નર્મદા જિલ્લાના સંદર્ભમાં મહિલાઓની આર્થિક સ્થિતિ તપાસવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો:** પશુપાલન, મહિલાઓ, મહિલાઓની આર્થિક સ્થિતિ, નર્મદા જિલ્લો

## 1. પ્રસ્તાવના

ખેતી અને પશુપાલનએ એકબીજાના પૂરક વ્યવસાય છે અને ખેતી પ્રધાન ભારત દેશમાં પૌરાણીક યુગથી જ પશુપાલનની પરંપરા છે. શ્રીકૃષ્ણ ભગવાન તેમના બાળપણમાં યમુનાજી આરે ધેનૂ ચરાવવા જતા અને તેમની મધુર વાંસળીના સુરે ગાયો એકઠી થઇ જતી હતી, ગોકુલની બધી અર્થવ્યવસ્થા દૂધ, ઘી અને માખણ ગોકુલ–મથુરાથી જયારે કૃષ્ણએ દ્વારકામાં પ્રસ્થાન કર્યું સાથે લઇ ગયા હતા. ભારતમાં ગૌશાળાઓનો બહુ જ સન્માનનીય ઈતિહાસ છે. આપણાં દેશમાં આજે પણ ગૌદાનને પુણ્ય ગણવામાં આવે છે. સમય જતા વ્યવસ્થા કથળી અને પશુ દીઠ ઉત્પાદન ઓછું થયું. પરંતુ વૈશ્વિક માંગણીને લીધે ફરી પશુપાલન અને સારા પશુઓની માંગ વધી ત્યારે તેઓ ગાયો પણ ઉપર આધારીત હતી.

ભારત ગામડાઓનો બનેલો દેશ છે અને આશરે 70% લોકો ગામડાઓમાં વસે છે. જેઓ મોટાભાગે ખેતી તથા પશુપાલન કરીને તેમનું જીવન નિર્વાહ ચલાવે છે. ભારત દેશ દુનિયામાં ઝડપથી વિકસતા દેશમાનો એક છે. જેનો ઝડપી વિકાસ દૂર અન્ય દેશોની સરખામણીમાં 2 થી 4 ટકાની સામે ગુજરાતનો વિકાસ દર આશરે 9 ટકા છે, જે ઘણો વધારે છે. ભારતમાં, ગુજરાત રાજય સૌથી વધુ ઝડપથી વિકાસ પામતુ રાજય છે. આ ખેતી સાથે સંકળાયેલ પશુપાલન પણ ખુબજ ઝડપથી આગળ વધી રહયુ છે અને ગ્રામ્ય અર્થકરણમાં ઘણો જ મહત્વનો ફાળો આપે છે. અપૂરતા વરસાદના સમયમાં પશુપાલનની આવક ઘણી જ મદદરૂપ થયેલ છે. ઘણા ગામડાઓમાં પશુપાલનની આવક ખેતીની આવક કરતા ઘણી જ વધારે છે. નર્મદા યોજનાના પાણી આવવાથી ખેતી અને પશુપાલનને મહત્વ પ્રદાન થયેલ છે અને પશુપાલનનાં કાર્યોમાં વેગ મળનાર છે. ઘરકામની સાથે પશુપાલનનું કાર્ય સાથે સંકળાયેલ મહિલાનો આર્થિક અભ્યાસ કરવામાં ઉમદા વિચાર આવ્યો જેથી પ્રસ્તુત સંશોધનમાં નર્મદા જિલ્લામાં રહેતી પશુપાલન સાથે સંકળાયેલ મહિલાની આર્થિક સ્થિતિ તપાસવામાં આવી છે.

## 2. અર્થ અને વ્યાખ્યાઓ

સંશોધનમાં સમાવિષ્ટ ચાવીરૂપ શબ્દોના અર્થ અને વ્યાખ્યાઓ આ પ્રમાણે છે.

- **મહિલા:** મહિલા એટલે કે સ્ત્રીને માનવનું સ્ત્રી સ્વરૂપ કહેવામાં આવે છે, જે સ્ત્રીલિંગ છે. સ્ત્રી શબ્દ મુખ્યત્વે પુખ્ત સ્ત્રીઓ માટે વપરાય છે. પરંતુ ઘણા સંદર્ભોમાં આ શબ્દનો ઉપયોગ સમગ્ર સ્ત્રી વર્ગને દર્શાવવા માટે પણ થાય છે. સામાન્ય આનુવંશિક વિકાસ ધરાવતી સ્ત્રી સામાન્ય રીતે તરુણાવસ્થાથી મેનોપોઝ સુધી જન્મ આપવા સક્ષમ હોય છે.
- **પશુપાલન:** પશુપાલન એ ખેતીની શાખા છે જે પશુધનના સંવર્ધન, સંભાળ અને વ્યવસ્થાપન સાથે સંબંધિત છે. તેમાં માંસ, દૂધ, ઊન અને અન્ય ઉત્પાદનો માટે ઉછેરવામાં આવતા પ્રાણીઓ માટે સંવર્ધન, ખોરાક, આવાસ અને રોગ નિયંત્રણ જેવી પદ્ધતિઓનો સમાવેશ થાય છે.
- **આર્થિક અભ્યાસ:** આર્થિક અભ્યાસો આર્થિક ઘટનાઓની પદ્ધતિસરની પરીક્ષા અને વિશ્લેષણનો સંદર્ભ આપે છે. આમાં માલસામાન અને સેવાઓના ઉત્પાદન, વિતરણ અને વપરાશનો અભ્યાસ તેમજ આર્થિક સંદર્ભમાં વ્યક્તિઓ, વ્યવસાયો અને સરકારોના વર્તનનો સમાવેશ થઈ શકે છે.

## 3. સંશોધનના હેતુઓ

- નર્મદા જિલ્લામાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલી મહિલાઓનો અભ્યાસ કરવો.
- નર્મદા જિલ્લામાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલી મહિલાઓની આર્થિક સ્થિતિ તપાસવી.

## 4. સંશોધનની ઉત્કલ્પનાઓ

- નર્મદા જિલ્લામાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલી મહિલાઓની સ્થિતિ ખૂબ જ સારી છે.
- નર્મદા જિલ્લામાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલી મહિલાઓની સ્થિતિ સારી છે.
- નર્મદા જિલ્લામાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલી મહિલાઓની સ્થિતિ ખરાબ છે.

## 5. સંશોધન પદ્ધતિ અને નિદર્શની પસંદગી


પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી કરવામાં આવેલ છે જેમાં નર્મદા જિલ્લામાં આધુનિક ટેકનોલોજી Google ફોર્મ દ્વારા પાંચ પ્રશ્નોની સ્વરચિત પ્રશ્નાવલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાંથી 612 પરત આવેલ ઉત્તરવહીઓમાંથી 600 ઉત્તરવહીઓ મારફતે સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

## 6. પૃથક્કરણ અને અર્થઘટન

નર્મદા જિલ્લામાં આધુનિક ટેકનોલોજી Google ફોર્મ દ્વારા જવાબસહ પરત આવેલ ઉત્તરવહીઓને આધારે કરવામાં આવેલ પ્રશ્નવાર પૃથક્કરણ અને અર્થઘટન આ પ્રમાણે છે:

**ઢોરોની સંખ્યા અંગેનું વિવરણ**

| ઢોર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| 1 થી 5 | 341 | 56.83% |
| 5 થી 10 | 152 | 25.33% |
| 10 થી 15 | 72 | 12.00% |
| 15 થી વધુ | 35 | 5.83% |




Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

ઉપરોક્ત કોષ્ટક અને ગ્રાફ પરથી જાણવા મળે છે કે નર્મદા જિલ્લામાં પશુપાલન સાથે સંકળાયેલ મહિલાઓમાંથી 56.83% એટલે કે 341 પાસે 1 થી 5ની સંખ્યામાં ઢોર જોવા મળે છે, જ્યારે 152 પાસે 5 થી 10, 72 પાસે 10 થી 15 અને 35 મહિલાઓ પાસે 15 થી વધુ ઢોર જોવા મળે છે.

**દૂધ ઉત્પાદન અંગેનું વિવરણ**


| દૂધ ઉત્પાદન (અઠવાડિક) | સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| 1 થી 10 લીટર | 63 | 10.50% |
| 10 થી 20 લીટર | 68 | 11.33% |
| 20 થી 30 લીટર | 134 | 22.33% |
| 30 થી 40 લીટર | 96 | 16.00% |
| 40 થી 50 લીટર | 97 | 16.17% |
| 50 થી વધુ | 142 | 23.67% |



ઉપરોક્ત કોષ્ટક અને ગ્રાફ પરથી જાણવા મળે છે કે નર્મદા જિલ્લામાં પશુપાલન સાથે સંકળાયેલ મહિલાઓમાંથી સૌથી 142 મહિલાઓ 50 લીટરથી પણ વધુ દૂધ ઉત્પાદન કરતી જોવા મળે છે જ્યારે 20 થી 30 લીટર ઉત્પાદન કરતી મહિલાઓની સંખ્યા 134 છે, 40 થી 50 લીટર દૂધ 97, 30 થી 40 લીટર 96, 10 થી 20 લીટર 68 અને સૌથી ઓછુ દૂધ ઉત્પાદન કરતી મહિલાઓ 63 છે.

### કૌટુંબિક આવક અંગેનું વિવરણ

| વાર્ષિક આવક | સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| 30000 થી 40000 | 122 | 20.33% |
| 40000 થી 50000 | 118 | 19.67% |
| 50000 થી 60000 | 79 | 13.17% |
| 60000 થી 70000 | 85 | 14.17% |
| 70000 થી 100000 | 81 | 13.50% |
| 100000 થી વધુ | 115 | 19.17% |



ઉપરોક્ત કોષ્ટક અને ગ્રાફ પરથી જાણવા મળે છે કે નર્મદા જિલ્લામાં પશુપાલન સાથે સંકળાયેલ મહિલાઓમાંથી સૌથી વધુ 122 મહિલાઓની કૌટુંબિક વાર્ષિક આવક 30000 થી 40000 છે, જ્યારે 40000 થી 50000ની આવક 118, 100000 થી વધુની આવક 115, 60000 થી 70000ની આવક 85, 70000 થી 100000ની આવક 81 અને 50000 થી 60000ની આવક ધરાવતા કુટુંબોની સંખ્યા 79 છે.

**7. તારણો**

નર્મદા જિલ્લામાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલી મહિલાઓના આર્થિક અભ્યાસ સંદર્ભે ફલિત થતા તારણો આ પ્રમાણે છે.

- નર્મદા જિલ્લામાં પશુપાલન સાથે સંકળાયેલ મહિલાઓ પાસે 1 થી 5ની સંખ્યામાં ઢોર ધરાવે છે.
- નર્મદા જિલ્લામાં પશુપાલન સાથે સંકળાયેલ મહિલાઓ 50 લીટર જેટલું દૂધ ઉત્પાદન કરે છે.
- નર્મદા જિલ્લામાં પશુપાલન સાથે સંકળાયેલ મહિલાઓની કૌટુંબિક વાર્ષિક આવક 30000 થી 40000 વધુ જોવા મળે છે.
- નર્મદા જિલ્લામાં પશુપાલન સાથે સંકળાયેલ મહિલાઓની આર્થિક સ્થિતિ સારી છે.

**સંદર્ભગ્રંથ**


- કેલાવાલા, એન. એચ., વી. બી. ખરાડી અને પ્રીતિ ડી. વિહોલ (2009). પશુપાલન વિકાસમાં મહિલાઓનો ફાળો. કૃષિ મહોત્સવ પરિસંવાદ. નવસારી: નવસારી કૃષિ મહાવિધાલય
- જુલિઆ લેસલિ (1995). ધી પરફેક્ટ વાઈફ: સ્ત્રીધર્મપદ્ધતિ (મહિલાઓની જવાબદારીઓ અંગેની માર્ગદર્શિકા) ત્ર્યંબકાયજવન. પેન્ગુવીન
- ડુબોઈસ, જિન એન્ટોનિએ એન્ડ બેઉચેમ્પ, હેન્ત્રી કિંગ, હિન્દુ મેનર્સ, કસ્ટમ્સ એન્ડ સેરેમનીસ (1997). ક્લારેન્ડોન પ્રેસ
- મજુમદાર, આર. સી. અને એ. ડી. પૌશલકેર (સંપાદકો) (1951). ધી હિસ્ટ્રી એન્ડ કલ્ચર ઓફ ઈન્ડિયન પીપલ. વોલ્યુમ I, વૈદિક યુગ. બોમ્બે : ભારતીય વિધા ભવન
- Chaudhari, K. B. (2023). તાપી જિલ્લામાં સખીમંડળો સાથે જોડાયેલ મહિલાઓનો અભ્યાસ. Vidhyayana-An International Multidisciplinary Peer-Reviewed E-Journal-ISSN 2454-8596, 8(6).
- GAMIT, R. H. (2023). મિશન મંગલમ યોજના અંતર્ગત ગુજરાતનાં સખીમંડળોને મળેલ આર્થિક સહાયનો અભ્યાસ. Vidhyayana-An International Multidisciplinary Peer-Reviewed E-Journal-ISSN 2454-8596, 8(4).